જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૨/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૪૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૭ કેસ કરી, ૬૦ વ્યક્તિઓને ઝડપી, ૫૪૫ લીટર દેશી દારૂ, ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૨૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૪૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૮૪૨/૨૦૨૫**

વસ્ત્રાપુરઃ વિશાલભાઇ કમલેશભાઇ માધુ(ખત્રી) (રહે.રાધેશ એપાર્ટમેન્ટ, ઉદગમ સ્કુલની પાછળ, થલતેજ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૧૨/૨૦૨૫ રાતના ૮/૦૦ થી તા.૨૯/૧૨/૨૦૨૨ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન થલતેજ સોલા બ્રીજ સામે આનંદ કોમ્પ્લેક્ષના પહેલા માળે આવેલ બી/૦૬ નંબરની દુકાન તથા બીજા માળે આવેલ દુકાન નંબર બી/૦૨ માંથી અને ગ્રાઉન્ડ ફ્લોર ઉપર આવેલ "ન્યુ શ્રીજી ઇન્ટર નેશનલ" નામની દુકાનમાં તેમજ ગ્રાઉન્ડ ફ્લોરની "રાધે પાન પાર્લર" નામની દુકાનમાં અને "દ્વારકેશ પાન પાર્લર" નામની દુકાનના શટરના તાળા તોડી, અજાણી વ્યક્તિ દુકાનોમાં પ્રવેશ કરી, દુકાનોમાંથી કુલ રૂપિયા ૧,૭૧,૫૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

દાઝી જતાં મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૮૪૩/૨૦૨૫**

રાણીપઃ રાણીપ કામધેનું સોસાયટી વિભાગ–૧ ખાતે રહેતા સાગરભાઈ જાતે–સત્યા નાઓની ચાર (૪) વર્ષની પુત્રી મિષ્ટી તા.૨૫/૧૨/૨૦૨૫ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગરમ પાણીની ડોલમાં બેસી જતા, શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર માટે તેને અસારવા સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કરેલ હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૯/૧૨/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગે તેનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયમલભાઈ પુંજાભાઈ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૮૪૪/૨૦૨૫**

કૃષ્ણનગરઃ સુનિતાબહેન વા/ઓ રાઘે તેજબહાદુર યાદવ (ઉ.વ.૧૯)(રહે.ઉમિયાનગર સોસાયટી, સ્વામિનારાયણ સોસાયટી સામે, ઉત્તમનગર કૃષ્ણનગર) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૨/૨૦૨૫ સવારના ૭/૩૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.ઇ.શ્રી એસ.એ.કોટડિયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી